# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

| | |
|---|---|
| પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૪૩૪-૧ | તારીખ : ૨૦ - ૦૭ - ૨૦૨૩ |

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી નિલેષભાઈ દેવશીભાઈ સરસવાડીયા
"રૂદ્રાક્ષ" ઓમ શાંતી પાર્ક સોસાયટી, આશા પાર્ક સોસાયટીની બાજુમા, કન્યા છાત્રાલય રોડ,
મું. પો. : મોરબી , તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૧
મોબાઈલ : ૯૯૧૩૭૭૭૫૫૫

વિષય : વોલ્ટેજ વધ-ઘટ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email , તા. ૧૨-૦૬-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૫/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી શહેર-૧.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૧/૨૩-૨૪/૯૫૩૫-૧ તા. ૨૦-૦૭-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

નોંધણી નંબર -૨૫/ક્વા-૧/૨૩-૨૪, તા.૧૨-૦૬-૨૦૨

| | |
|---|---|
| અરજદાર | : નિલેશભાઈ દેવશીભાઈ સરસાવડીયા મુ.: મોરબી |
| રજૂઆત કરનાર | : અરજદાર કે તેના કોઈ પ્રતિનીધી હાજર રહેલ નથી |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી -૧, મોરબી |
| રજૂઆત કરનાર | : પીજીવીસીએલ, વિભાગીય કચેરી –૧ મોરબી તરફથી શ્રી જે.જે.પરમાર, નાયબ ઈજનેર હાજર રહ્યા હતા. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ: | ૧૨-૦૭-૨૦૨૩ (ગુરુવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૨-૦૭-૨૦૨૩ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર રહેલ નથી, અને પીજીવીસીએલ વિભાગીય કચેરી નં -૧ મોરબી તરફથી શ્રી જે.જે.પરમાર નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જણાવે છે કે તેઓના ઘરના વીજજોડાણ (રૂદ્રાક્ષ,ઓમ શાંતિ પાર્ક સોસાયટી,આશા પાર્ક પાસે,કન્યા છાત્રાલય રોડ,મોરબી) ખાતે ૦૭ દિવસથી વોલ્ટેજની વધઘટ થાય છે. તેઓએ 02822- 220651 પર 9687633720 પર લગભગ ૦૪ વખત ફરિયાદ કરી છે. તેઓની ફરિયાદના નિરાકરણ માટે PGVCL ના કર્મચારીઓએ તેમના ઘરની ૦૨ વખત મુલાકાત લીધેલ છે. વોલ્ટેજની વધઘટને કારણે તેઓના ઈલેક્ટ્રોનિક સાધનો ટીવી, ફ્રીજ, એસી, પંખા વગેરેને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર કોણ છે? તેઓની જાણ મુજબ તેમની આસપાસના ઘણા લોકોને સોસાયટીમાં વોલ્ટેજ વધઘટની સમાન ફરિયાદ છે આ ફરિયાદના તાત્કાલિક નિરાકરણ માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨.૧ અરજદારના ઈમેઈલ તા.૦૭-૦૭-૨૦૨૩ થી અત્રેના ફોરમને જણાવ્યા મુજબ ઉપરોક્ત ફરિયાદ અન્વયે તેઓને હવે કોઈ ફરિયાદ રહેતી નથી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી નિલેશભાઈ દેવશીભાઈ સરસાવડીયા દ્વારા ઘરવપરાશ વીજજોડાણ નં : ૩૪૩૦૨/૧૬૨૧૮/૦ થી ૧.૫ કિવો વીજભાર ધરાવતું સિંગલ ફેઇઝ પી.જી.વી.સી.એલ. મોરબી શહેર-૧ પેટા વિભાગ હેઠળ આવે છે તેમાં વોલ્ટેજ વધ-ઘટ બાબતની રજૂઆત કરેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા ફોલ્ટ સેન્ટર પર લખાવેલ ફરિયાદ નં ૮૨૦૫૨ મુજબ ૨૫૨ વોલ્ટ (સમય રાત્રે ૦૨.૪૮ વાગ્યે), ફરિયાદ નં.૮૩૦૭૫ પ્રમાણે વોલ્ટેજ ૨૨૨ વોલ્ટ (સમય રાત્રે ૦૧.૩૭ વાગ્યે) પીજીવીસીએલના સ્ટાફ દ્વારા અરજદારની હાજરીમાં માપેલ છે, જે નિયમ પ્રમાણે બરાબર છે.

3.૧ અરજદારના સદર વીજજોડાણની સ્થળ રોજકામ સબંધક કચેરીના લાઈન સ્ટાફ દ્વારા કરાયેલ તે મુજબ જોડેલ કુલ લોડ ૫.૪૬૪ કિલોવોટ નીચે પ્રમાણે નોંધાયેલ છે.

| Name:- Nileshbhai Devshibhai Sarsavadiya, Consumer No. :- 34302/16218/0 | | | |
|---|---|---|---|
| Name of Appliance | Quantity | Watt | Total Watt |
| A.C. (1.5 Ton) | 2 | 1800 | 3600 |
| Water Motor(1/2 HP) | 1 | 375 | 375 |
| Ceiling Fan | 3 | 60 | 180 |
| CFL Lamp | 6 | 9 | 54 |
| Washing Machine | 1 | 750 | 750 |
| Freeze | 1 | 225 | 225 |
| LED TV | 1 | 120 | 120 |
| Tube Light | 8 | 20 | 160 |
| Total Connected Load in Watt | | | 5464 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, અરજદારના માંગેલ વીજભાર કરતા ૩.૯૬૪ કિલોવોટ વધારે વીજભાર વપરાશી જણાયેલ છે.

3.૨ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન મુજબ કોઈપણ વીજગ્રાહક દ્વારા પોતાના વીજસ્થાપન પર પોતાના કરારિત વીજભાર કરતા વધારે વીજભાર વીજકંપનીની મંજુરી વિના જોડી શકાય નહિ. અરજદાર દ્વારા સદર નિયમનો ભંગ કરવામાં આવેલ છે, જેથી અરજદારને નોટીસ મળ્યે દિવસ-૧૫ મા સબંધક પેટાવિભાગીય કચેરીનો સંપર્ક કરી નિયમ પ્રમાણે વીજભાર વધારવા માટેની અરજી કરી જરૂરી અંદાજપત્રના નાણા ભરી વીજભાર નિયમિત કરાવવા પત્ર નં -૧૯૧૨ તા.૦૩.૦૭.૨૦૨૩ થી જાણ કરવામાં આવેલ છે, અન્યથા ઈલેક્ટ્રીસિટી સપ્લાય કોડની જોગવાઈ પ્રમાણે ઉપરોક્ત નિયમના ઉલ્લંઘન બદલ વીજજોડાણ કાપી નાંખવામાં આવશે જેની ગંભીર નોંધ લેવા અરજદારને જણાવેલ છે.

3.3 પીજીવીસીએલની પેટાવિભાગીય કચેરીના તા.૧૦-૦૭-૨૦૨૩ ની લેખિત રજૂઆત મુજબ અરજદારના સદર વિસ્તારમાં ૬૬ કેવી મોરબી-બી (શનાળા) સબ સ્ટેશન માંથી નીકળતા ૧૧ કેવી ન્યુ બસ સ્ટેન્ડ અર્બન ફીડર માંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર ફીડરમાં મે-૨૦૨૩ થી ૧૦-જુલાઈ-૨૦૨૩ સુધીના વીજવિક્ષેપોની સંખ્યા નીચે મુજબ છે.

| Interruption Details for New Bus Stand Urban Feeder | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Month | TT | Time in Hrs | SF | Time in Hrs | ESD | Time in Hrs | PSD | Time in Hrs | LS | Time in Hrs | Remarks |
| મે-23 | 2 | 00:10 | 1 | 00:45 | 2 | 00:45 | 1 | 04:10 | 0 | 00:00 | |
| જૂન-23 | 8 | 00:40 | 6 | 10:20 | 3 | 04:50 | 0 | 00:00 | 1 | 01:00 | Interruptions are High due to Cyclonic effect during June-23 |
| July-2023 up to 10.07.2023 | 7 | 00:45 | 0 | 0 | 2 | 01:05 | 0 | 0 | 0 | 0 | |

3.૪ વધુમાં સદર વિસ્તારમાં **MOB/NBS/DT-93** નંબર વાળા ટી.સી. માંથી વીજપુરવઠો આપવામાં આવે છે. સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા સદર જગ્યાના ટ્રાન્સફોર્મરમાં લોડ બેલેન્સિંગ કરાવેલ છે. તદુપરાંત,

અરજદારના વીજજોડાણને આનુષાગિક એલ.ટી. લાઈનનો એક ગાળો 4 MM2 4 Core વાયરનો હતો જે બદલીને LT AB Cable નાખેલ છે.

ત્યારબાદ ફરિયાદીને વોલ્ટેજ વધ-ઘટનો પ્રશ્ન નથી તેવું તેમના તા.૦૭-૦૭-૨૦૨૩ ના ઈમેઈલથી જણાવેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં :૩૪૩૦૨/૧૬૨૧૮/૦ થી આરજીપીયુ કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે. અરજદારના સદર વિસ્તારમાં તેમજ પોતાના ઘરે વોલ્ટેજ વધ-ઘટ થવા બાબતે સામેવાળાની ફોલ્ટ સેન્ટરમાં આશરે ૦૪ વખત ફરિયાદ નોંધાવેલ છે, તેમજ સદર બાબતે પીજીવીસીએલના કર્મચારી ૦૨ વખત અરજદારના સ્થળે ફરિયાદના નિવારણ માટે આવેલ હતા. તેમછતાં ફરિયાદનું નિવારણ ન થતા અરજદારે તા.૧૧.૦૭.૨૦૨૩ ના રોજ અત્રેના ફોરમમાં ઈમેઈલથી ફરિયાદ કરેલ છે, જે ફરિયાદ વીજ પુરવઠાની ગુણવતા બાબતેની હોય અત્રેના ફોરમ દ્વારા તા.૧૨.૦૬.૨૦૨૩ ના રોજ નોંધણી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજૂઆત ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ થી ૩.૪ મુજબની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના વીજજોડાણમાં ૬૬ કેવી મોરબી-બી સબસ્ટેશન માંથી નીકળતા ૧૧ કેવી ન્યુ બસ સ્ટેન્ડ અર્બન ફીડર માંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર ફીડર હેઠળ આવેલ ટ્રાન્સફોર્મર સીરીયલ નંબર : MOB/NBS/DT-93 નંબર ના ટી.સી. માંથી વીજપુરવઠો પૂરો પાડતા ટ્રાન્સફોર્મરનું લોડ બેલેન્સીંગ તેમજ જરૂરી એલ.ટી. કેબલ બદલાવેલ છે. ત્યારબાદ અરજદારને સદર બાબતે પૂછતાં વોલ્ટેજ વધઘટની કોઈ ફરિયાદ રહેતી નથી, તેમ જણાવેલ તેમજ અરજદાર દ્વારા અત્રેના ફોરમને ઇમેઇલ તા.૦૭-૦૭-૨૦૨૩ થી જાણ કરેલ છે તે મુજબ અરજદારને લો-વોલ્ટેજની ફરિયાદ રહેતી નથી.

૪.૩ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદારના વીજસ્થાપનની ચકાસણી તા.૧૧-૦૬-૨૦૨૩ મુજબ અરજદાર દ્વારા કરારીત વીજભાર ૧.૫ કીવોની સામે કુલ જોડેલ વીજભાર ૫.૪૬૪ કીવો નોંધાયેલ છે. જે અન્વયે કરારીત વીજભાર નિયમિત કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને તા.૦૩-૦૭-૨૦૨૩ થી જાણ કરેલ છે. સદર કાર્યવાહી અરજદાર દ્વારા સમયમર્યાદામાં કરવામાં ન આવે તો કરારીત વીજભાર નિયમિત કરવા માટે નિયમાધીન કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

૪.૪ વધુમાં, અરજદારની રજૂઆત અન્વયે સદર ટ્રાન્સફોર્મર હેઠળ આવેલ તમામ વીજગ્રાહકોના કરારિત વીજભાર કરતા વધુ વીજભાર ધરાવતા હોય તો વીજભાર નિયમિત કરવાની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Joshi Nitinbhai | | |
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |